કાર વૉશ

# MA COVID-19 ચેકલિસ્ટ

## સામાજિક અંતર

### વ્યક્તિઓ વચ્ચે 6 ફૂટથી વધુ અંતર જાળવવું

- ☐ વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછા 6 ફૂટનું અંતર રહે તેની ખાતરી રાખો
- ☐ વ્યક્તિગત રીતે ફાળવવામાં આવેલા વર્ક એરિયાઝમાં કામદારોની ફાળવણી કરો; કામદારોની વચ્ચે શારીરિક અંતર વધારો; કામનાં સમયપત્રકો છૂટાછવાયાં રાખો
- ☐ જ્યાં શક્ય હોય ત્યાં બંધ જગ્યાઓ માટે વાતાનુકૂલનમાં સુધારો કરો (દા.ત., બારણાં અને બારીઓ ખોલો)
- ☐ છૂટાછવાયાં ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઇ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર રાખો
- ☐ બધા કામદારો માટે ફેસ કવરિંગનો ઉપયોગ જરૂરી બનાવો, સિવાય કે તેમ કરવાથી કામદારો માટે સુરક્ષાનું જોખમ ઊભું થાય અથવા જ્યાં વ્યક્તિ રોગ કે વિકલાંગતાના કારણે ફેસ કવરિંગ પહેરી શકે તેમ ન હોય
- ☐ જ્યાં શારીરિક અંતર પડકારજનક હોય ત્યાં ફિઝિકલ પાર્ટિશનની ભલામણ કરવામાં આવે છે (દા.ત. કેશિયર) અને તે ઊભેલા કામદાર કરતાં વધુ ઊંચાઇ પર હોવું જોઇએ

## આરોગ્યના પ્રોટોકૉલ્સ

### આરોગ્યના સખ્ત પ્રોટોકૉલ્સ લાગુ કરો

- ☐ સાબુ અને નળના પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધાઓની સરળ પહોંચ મળે અને કામદારો હાથ વારંવાર ધોઇ શકે તે માટે તેઓને પૂરતો સમય મળે તેની ખાતરી કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઇ શકે
- ☐ કાર્યસ્થળના સ્થાને કામદારોને પૂરતી ક્લીનિંગ પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)
- ☐ વર્કસ્ટેશનો, બારણાનાં હૅન્ડલો અને રેસ્ટરૂમો જેવા વિસ્તારો કે જ્યાં સૌથી વધુ સ્પર્શ થતો હોય ત્યાં નિયમિત અને દિવસમાં ઓછામાં ઓછી એક વખત સફાઈકામ અને સૅનિટેશન જરૂરી બનાવવું
- ☐ કામદારોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકવાં

## સ્ટાફ અને કામગીરીઓ

### કામગીરીઓમાં સુરક્ષાની કાર્યપ્રણાલીઓનો સમાવેશ કરો

- ☐ કાર ધોવા માટે સુરક્ષાનાં ધોરણો અંગેની તાલીમ, સુરક્ષાની અપ-ટુ-ડેટ માહિતી અને તકેદારીઓ તથા સુરક્ષાનાં અન્ય પગલાંઓ અંગે કામદારોને માહિતી આપો
- ☐ ધોવાની સેવાઓ વાહનની બાહ્ય સપાટી સુધી મર્યાદિત રાખો
- ☐ ગ્રાહકોને ઑટોમેટિક કાર વૉશિંગ સાથેની સુવિધાઓ પર પોતાની કારમાં હરોળમાં ઊભા રહેવાની વિનંતી કરો
- ☐ કાર ધોવાની સમગ્ર પ્રક્રિયા દરમિયાન ગ્રાહકોને તેમની કારમાં બેસી રહેવાની વિનંતી કરો
- ☐ બધા કામદારોમાં સંપર્ક ઓછો કરવા અને ઍન્ટ્રી પૉઇન્ટ્સ પર ગીચતા ઓછી કરવા માટે કાર્યસ્થળનાં કલાકો અને શિફ્ટ્સમાં ફેરફારો કરો (જો રૂબરૂમાં કામ કરતા હો તો વિવિધ સમયપત્રકો અથવા છૂટાછવાયા આગમન / પ્રસ્થાન સાથે કામ કરતી ટીમોનો મહત્તમ ઉપયોગ કરો
- ☐ કૉન્ટેક્ટ ટ્રેસિંગ શક્ય બનાવવા માટે કામદારો અને ગ્રાહકોની નોંધવહી જાળવો (નામ, તારીખ, સમય, સંપર્કની માહિતી)
- ☐ ખાતરી કરો કે બિમારી જેવું જેમને લાગતું હોય એવા કામદારો ઘરે રહે. સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના અનુસાર જેઓના પર વિશિષ્ટપણે COVID-19નું જોખમ (દા.ત. ઉંમર અથવા પહેલેથી હોય એવા રોગને કારણે) હોય એવા કામદારોને ઘરે રહેવા માટે આગ્રહ કરો
- ☐ લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઇ પણ નજીકના સંપર્ક અંગે નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો
- ☐ જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઇ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે ઑફિસના નિયોજકને માહિતી આપવા માટે આગ્રહ કરો. જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવાની રહેશે અને કાર્યસ્થળ પર સંભવિત સંપર્કોને ટ્રેસ કરવા માટે તેઓની સાથે કામ કરવાનું રહેશે અને કામદારોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વૉરન્ટીન કરવાની સલાહ આપશે. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે
- ☐ સરકારી નિર્દેશોમાં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને ગ્રાહકોને નોટિસ પોસ્ટ કરવી
- ☐ સંપર્કરહિત ચૂકવણીની પદ્ધતિઓનો આગ્રહ રાખવો

## સફાઇ અને રોગાણુનાશન

### આરોગ્યના સખ્ત પ્રોટોકૉલ્સની વ્યવસ્થા કરવી

- ☐ સાઇટની અવારનવાર સફાઇ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરો (ઓછામાં ઓછી રોજ એક વખત અને અનુકૂળ હોય તો વધુ વખત)
- ☐ જેમાં તારીખ, સમય અને સફાઇના વ્યાપનો સમાવેશ થતો હોય એવી સફાઇની નોંધવહીઓ રાખો
- ☐ બહુ અવરજવર થતી હોય એવા વિસ્તારો અને બહુ સ્પર્શ થતો હોય એવી સપાટીઓમાં અવારનવાર રોગાણુનાશનની પ્રક્રિયા કરો (દા.ત. બારણાનાં નૉબ, બાથરૂમ)
- ☐ કોઇ પૉઝિટિવ કેસ આવે તેવી સ્થિતિમાં હાલના CDC નિર્દેશો અનુસાર ઊંડી સફાઇ અને રોગાણુનાશન કરવા માટે સાઇટ બંધ કરો